## ગુજરાત રાજ્ય સેવા (તબીબીસારવાર) નિયમો, 1988ની જોગવાઇ ક્રમાંક : 15(6) હેઠળ ખાનગી હોસ્પિટલ/સંસ્થામાં લીધેલ તબીબીસારવારના ખર્ચને રિએમ્બર્સમેન્ટ કરવા અંગે

આરોગ્ય અને પરિવારકલ્યાણ વિભાગ, ઠરાવક્રમાંક : એમએજી-102003-1001-અ,
સચિવાલય, ગાંધીનગર, તા. 26-10-2005

**ઠરાવ :**

ગુજરાત રાજ્ય સેવા (તબીબીસારવાર) નિયમો, 1988ની જોગવાઇ ક્રમાંક : 15(6) હેઠળ સરકારી કર્મચારીએ તેના કુટુંબ સહિત ખાનગી અથવા સખાવતી સંસ્થાઓ દ્વારા સંચાલિત હૉસ્પિટલોમાં લીધેલ તબીબીસારવાર અંગે થયેલ ખર્ચને સરકારી હૉસ્પિટલ/દવાખાનામાં લેવાતી ફીના નક્કી કરેલ ધોરણની મર્યાદામાં ખર્ચની રકમ ખાસ કેસમાં મળવાપાત્ર ગણેલ છે. પરંતુ અનુભવે એવું જણાયેલ છે કે કેટલાક કિસ્સાઓમાં આ યોજનાના લાભાર્થીઓ સરકારી હૉસ્પિટલો/દવાખાનાંઓમાં તબીબીસારવાર

મેળવવાને બદલે તાકીદના સંજોગોમાં ખાનગી સંસ્થાઓ સંચાલિત હૉસ્પિટલમાં તબીબીસારવાર મેળવે છે અને પછી તેવી ખાનગી સંસ્થામાં મેળવેલી તબીબીસારવારનો ખર્ચ ખાસ કેસ તરીકે રિએમ્બર્સમેન્ટને પાત્ર ગણવાની મંજૂરી આપવાની સરકારમાં રજૂઆત કરે છે. આ બાબતના અનુસંધાનમાં અત્રેથી આ વિભાગના તા. 28-12-'04ના ઠરાવક્રમાંક : એમએજી-2004-2950-અ થી રાજ્ય માટે આ યોજનાના લાભાર્થીએ તાકીદના સંજોગોમાં હૃદયરોગ, કેન્સર અને કિડનીરોગો માટે રાજ્યની કે રાજ્ય બહારની ખાનગી હૉસ્પિટલોમાં સારવાર મેળવી હશે તો જે-તે કેસના સંજોગો ધ્યાને લઇને હૃદયરોગના કેસમાં યુ.એન.મહેતા ઇન્સ્ટિટ્યૂટ ઑફ કાર્ડિયોલોજી એન્ડ રિસર્ચ, અમદાવાદ, કેન્સર માટે એમ.પી.શાહ કેન્સર ઍન્ડ રિસર્ચ સેન્ટર, અમદાવાદ અને કિડની રોગ માટે ઇન્સ્ટિટ્યૂટ ઑફ કિડની ડિસીઝ ઍન્ડ રિસર્ચ સેન્ટર, અમદાવાદમાં સારવાર લીધી હોય તો જે ખર્ચ થાય તે ખર્ચની મર્યાદામાં ગણતરી કરીને મજરે આપવાનું ઠરાવવામાં આવેલ છે. આમ તો આ મંજૂરીના અધિકારો સચિવશ્રી, આરોગ્ય અને પરિવારકલ્યાણ વિભાગને આપેલ છે તે બાબતે સ્પષ્ટતા કરવાની બાબત સરકારની વિચારણા હેઠળ હતી.

આ બાબત પુખ્ત વિચારણાને અંતે એવું ઠરાવવામાં આવે છે કે આ યોજનાના લાભાર્થીના તબીબી સારવારના કેસમાં ફક્ત જેમાં જીવનમરણનો પ્રશ્ન હોય તેવા રોગોની સારવાર એટલે કે હૃદયરોગ, કિડનીજન્ય રોગો, કેન્સરના રોગો અને મગજના રોગોની સારવારના કેસમાં જો સંબંધિત અરજદારે સરકારી હૉસ્પિટલો / દવાખાનાંઓમાં તબીબીસારવાર મેળવવાને બદલે ખાનગી સંસ્થાઓ સંચાલિત હૉસ્પિટલમાં તેવી તબીબીસારવાર મેળવી હોય તો પણ આ નિયમોની જોગવાઈ ક્રમાંક : 15(6) મુજબ જો તેણે આ સારવાર સરકારી હૉસ્પિટલમાં કે સરકાર અધિકૃત કરેલ હૉસ્પિટલોમાં જેમ કે –

(1) હૃદયરોગ માટે યુ. એન. મહેતા કાર્ડિયોલોજી ઇન્સ્ટિટ્યૂટ ઍન્ડ રિસર્ચ સેન્ટર, અમદાવાદ (2) કિડનીરોગ માટે કિડની ડિસીઝ ઍન્ડ રિસર્ચ સેન્ટર, અમદાવાદ (3) કેન્સરરોગ માટે ગુજરાત કેન્સર ઍન્ડ રિસર્ચ સેન્ટર, અમદાવાદ કે (4) મગજના રોગો માટે સિવિલ હૉસ્પિટલ, અમદાવાદ ખાતે મેળવી હોય તો જે ખર્ચ થાત તે ખર્ચ તે ખર્ચની મર્યાદામાં મંજૂર કરવાનો રહેશે. આ સિવાય જેમાં જીવનમરણનો પ્રશ્ન ઉપસ્થિત થયો હોવાનું જણાય તેવા વિશિષ્ટ કેસોમાં તાકીદના સંજોગોમાં ખાનગી હૉસ્પિટલમાં લીધેલી તબીબીસારવારના ખર્ચને સિવિલ હૉસ્પિટલ, અમદાવાદમાં સારવાર લેતાં થતા ખર્ચને ધોરણે મંજૂર કરવાના રહે છે.

વધુમાં સ્પષ્ટતા કરવાની કે તાજેતરમાં આ વિભાગના તા. 9-9-'05ના ઠરાવક્રમાંક : એમએજી-102000-4932-અ થી રાજ્યમાં આવેલ 15 ખાનગી હૉસ્પિટલોમાં આ યોજનાના લાભાર્થીએ હૃદયરોગની સારવાર લીધી હોય તો તે ઠરાવમાં જણાવેલી જોગવાઈઓને આધીન રહીને તે ઠરાવ સાથે જોડેલ કૉમન પેકેજ પ્રમાણેની રકમ કે ખરેખર થયેલ ખર્ચ એ બે પૈકી જે ઓછું હોય તે રકમ મંજૂર કરવાનું ઠરાવવામાં આવેલ છે. તેથી આ વિભાગ દ્વારા આ ઠરાવ ઇસ્યુ થયો તે પહેલા અગાઉ આવા જે કેસોમાં અત્રેથી ખાસ કેસ તરીકે આ નિયમોના નિયમ નં. 15(6) હેઠળ મંજૂરી આપી દીધી હોય તેવા કેસોમાં આ વિભાગની મંજૂરી મુજબ રકમ ચૂકવવાની રહેશે. જ્યારે આ વિભાગના ઉપર જણાવેલા તા. 9-9-2005ના ઠરાવમાં જણાવેલ 15 હૉસ્પિટલો સિવાયની હૉસ્પિટલોમાં હૃદયરોગની સારવાર લીધી હોય કે કેન્સરરોગ કે કિડનીરોગની સારવાર ખાનગી હૉસ્પિટલોમાં લીધી હશે તો તેવા કેસોમાં ગુણદોષના આધારે ગુજરાત રાજ્ય સેવા (તબીબીસારવાર) નિયમો, 1988ની જોગવાઈ ક્રમાંક : 15(6) હેઠળ જો તેવી સારવાર સરકારી કે સરકારે આ રોગ માટે અધિકૃત કરેલ હૉસ્પિટલમાં લીધી હોય તો જે ખર્ચ થાત તે ખર્ચના ધોરણે મંજૂર કરવાની રહેશે.

3. ઉપર પ્રમાણેના કેસોની મંજૂરી/નામંજૂરી અંગે સચિવશ્રી, આરોગ્ય અને પરિવારકલ્યાણ વિભાગ કક્ષાએથી નિર્ણય લેવાનો રહેશે અને તે માટે ગુજરાત રાજ્ય સેવા (તબીબીસારવાર)ના નિયમો, 1988 ની જોગવાઈ ક્રમાંક : 15(6) માં તે પ્રમાણે સુધારો રજૂ કરવાનો રહેશે. ઉપર જણાવેલ સુધારાને નાણાં વિભાગની બહાલી તા. 3-3-'03 થી મળેલ છે. તે પછી આ ઠરાવની તારીખના સમયગાળા દરમિયાન આવા તમામ કેસોને ઉપર ફકરાક્રમાંક (2) માં જણાવ્યા મુજબ સચિવશ્રી (આરોગ્ય અને

પરિવારકલ્યાણ વિભાગ) કક્ષાએથી જે-તે નિર્ણયો લેવાયેલ છે તે વિનિયમિત થયેલ ગણાશે.

આ હુકમો આ અંગેની સરખા ક્રમાંકની ફાઈલ પર નાણાં વિભાગની તા. 3-3-'03 ની નોંધથી મળેલ મંજૂરી અન્વયે બહાર પાડવામાં આવે છે.

ગુજરાત રાજ્યના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

સહી, હસમુખ પ્રજાપતિ

સેક્શન અધિકારી, આરોગ્ય અને પરિવારકલ્યાણ વિભાગ

* * *